# ખંભાતમાં તોફાનીઓના ગેરકાયદે દબાણો પર બુલડોઝર ફરી વળ્યું

**ખંભાતમાં કોમી હિંસા સંદર્ભે મોટી કાર્યવાહી : ગૃહ વિભાગે ખંભાતના શકરપુર વિસ્તારમાં દરગાહની સામે આવેલી તમામ દુકાનો ધ્વસ્ત કરી દીધી**



આણંદ,તા.૧૫

ગત રવિવારે રામનવમીના તહેવાર વખતે આણંદ જિલ્લાના સંવેદનશીલ ગણાતા ખંભાત તાલુકામાં કોમી હિંસા ભડકી ઉઠી હતી. ત્યારબાદ આ મામલે એક મોટી કાર્યવાહી કરવામાં આવી છે અને તોફાનીઓના ગેરકાયદેસર દબાણો પર બુલડોઝર ફરી વળ્યું છે. ગૃહ વિભાગે ખંભાતના શકરપુર વિસ્તારમાં મોટી કાર્યવાહી હાથ ધરી છે. કાર્યવાહી દરમિયાન દરગાહની સામે આવેલી તમામ દુકાનો ધ્વસ્ત કરી દેવામાં આવી છે. પોલીસના કહેવા પ્રમાણે આ રમખાણો સંપૂર્ણપણે યોજનાબદ્ધ હતા. આ ઘટનાના મુખ્ય આરોપી મૌલવીએ દરગાહમાં બેસીને જ તેની યોજના ઘડી હતી. જે વિસ્તારોમાં કોમી રમખાણો થયા હતા ત્યાં ગેરકાયદેસર લારી-કેબિનો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશ બાદ હવે ગુજરાતમાં પણ તોફાની તત્વોના ગેરકાયદેસર દબાણ દૂર કરવામાં આવ્યા છે. ટ્રેક્ટર અને બુલડોઝર વડે છજ્જાં અને પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં આ પ્રકારના દબાણો દૂર કરવામાં આવ્યા છે.

ખંભાતમાં રામનવમીના પ્રસંગે શોભાયાત્રા પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ શહેરના વિભિન્ન વિસ્તારોમાં ૨ દુકાન, ૨ લારી અને એક મકાનમાં આગચંપી, તોડફોડ વગેરેની ઘટનાઓ બનતાં ભારે તંગદિલી વ્યાપી હતી. ટોળાને કાબુમાં લેવા માટે પોલીસે ટીઅરગેસના શેલ છોડવા પડ્યા હતા અને સમગ્ર ઘટનામાં પોલીસકર્મીઓ સહિત ૧૫થી વધારે લોકો ઘાયલ થયા હતા. આ ઉપરાંત એક વ્યક્તિનું મોત પણ થયું હતું.

# સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં સરેરાશ કરતા વધુ વરસાદ પડવાની પ્રબળ વકી

**ભારતીય હવામાન વિભાગ દ્વારા ચોમાસાને લઈને આગાહી : નૈઋત્યના ચોમાસાની ઋતુનો સામાન્ય વરસાદ ૮૬૮.૬ મિલીમીટર ગણાશે, અગાઉ આ આંકડો ૮૮૦.૬ મિલીમીટર હતો**

ગાંધીનગર,તા.૧૫

તાજેતરમાં જ ખાનગી હવામાન એજન્સી સ્કાયમેટે દેશમાં આ વર્ષે ચોમાસુ કેવું રહેશે તેની આગાહી કરી હતી.

હવે ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) બુધવારે અને ગુરુવારે વાયવ્ય દિશા તરફના ૨૦૨૨ના ચોમાસાની આગાહી કરી છે. જે પ્રમાણે, ગુજરાતમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં સરેરાશ કરતાં વધુ વરસાદ પડવાની શક્યતા છે. આખા દેશ માટે વરસાદના લોન્ગ પીરિયડ એવરેજ (એલપીએ)માં સુધારો કરવામાં આવ્યો છે. આગાહી પ્રમાણે, છેલ્લા દશકામાં સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં સરેરાશમાં સુધારો જોવા મળ્યો છે.

આઈએમડીના જણાવ્યા અનુસાર, નૈઋત્ય દિશા તરફથી આવતું ચોમાસુ (જૂનથી સપ્ટેમ્બર દરમિયાન) સામાન્ય (એલપીએના ૯૬થી ૧૦૪ ટકા) રહેશે. પેસિફિક પ્રદેશમાં લા નીનાની સ્થિતિ પ્રવર્તી રહી છે. ચોમાસા દરમિયાન લા નીનાની સ્થિતિ ચાલુ રહે તેવી સંભાવના છે. લા નીનાનો અર્થ થાય છે કે, ભારતમાં વધુ ઠંડી અને વરસાદની સંભાવના છે. મે મહિનાના છેલ્લા અઠવાડિયામાં ચોમાસાનું આગમન થાય તેવી શક્યતા છે.

હવામાન વિભાગે 'સામાન્ય' સીઝનલ વરસાદના માપદંડમાં પણ ફેરફાર કર્યો છે. ગુરુવારે આપવામાં આવેલી માહિતી પ્રમાણે, નૈઋત્યના ચોમાસાની ઋતુનો સામાન્ય વરસાદ ૮૬૮.૬ મિલીમીટર ગણાશે. અગાઉ આ આંકડો ૮૮૦.૬ મિલીમીટર હતો. આખા વર્ષ દરમિયાન થતાં કુલ વરસાદના આંકમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે.

કુલ વરસાદનો આંક ૧૧૭૬.૯ મિલીમીટરથી ઘટાડીને ૧૧૬૦.૧ મિલીમીટર કરવામાં આવ્યો છે. આગાહી મુજબ, ગુજરાત નૈઋત્યના ચોમાસા પર આધાર રાખે છે અને તેના દ્વારા ૯૬ ટકા વરસાદ પડી શકે છે.

૧૯૬૧થી ૨૦૧૦ અને ૧૯૭૧થી૨૦૨૦ની વરસાદની પેટર્ન જોતાં જાણવા મળ્યું કે અગાઉની સરખામણીમાં સૌરાષ્ટ્ર-કચ્છમાં પડતાં વરસાદમાં નજીવો સુધારો થયો છે. "આ મોડલ સંભાવના આધારિત છે અને તેમને માત્ર દિશા-નિર્દેશકો તરીકે જોવા જોઈએ. આગાહી પ્રમાણે, રાજ્યના અન્ય ભાગોની સરખામણીમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં સામાન્ય સરેરાશ કરતાં વધુ વરસાદ પડી શકે છે.", તેમ આઈએમડીના એક સિનિયર અધિકારીએ જણાવ્યું.



વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતની વિવિધ જિલ્લા પંચાયતોના ૧૮ જેટલા સભ્યો સાથે નવી દિલ્હીમાં મુલાકાત બેઠક યોજી હતી. જિલ્લા પંચાયતોના આ સભ્યો સાથેની બેઠકમાં પ્રધાનમંત્રીશ્રીએ ગુજરાતમાં પંચાયતી રાજ વ્યવસ્થાના સુદ્રઢીકરણ માટેની જે કામગીરી થઈ છે તેમાં પંચાયતના સભ્યોના યોગદાન અંગે માર્ગદર્શન આપ્યું હતું. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી ગ્રામીણસ્તરે પણ જન સમુદાય સુધી વ્યાપક બનાવવામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના સભ્યોની ભૂમિકા પણ વડાપ્રધાનશ્રીએ સમજાવી હતી.

**નવસારી જિલ્લાના વાઘરેચ ખાતે કાવેરી નદી પર**

# 'ટાઈડલ રેગ્યુલેટર ડેમ પ્રોજેક્ટ'નું મુખ્યમંત્રીના હસ્તે ખાતમુહૂર્ત



નવસારી, તા.૧૫

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લાના ગણદેવીના બિલીમોરા સ્થિત કાવેરી નદી પર રૂ.૨૫૦ કરોડના ખર્ચે 'વાઘરેચ ટાઈડલ રેગ્યુલેટર ડેમ પ્રોજેક્ટ'નું ખાતમુહૂર્ત કરતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, 'આઝાદીના અમૃત્ત કાળમાં રાજ્ય સરકારે રાજ્યને અમૃત્તમય મીઠું પાણી પૂરૂં પાડવાનું લક્ષ્ય સેવ્યું છે. રાજ્યમાં પાણીની મુશ્કેલી ન રહે તે માટે ભૂગર્ભ જળભંડારોને સમૃદ્ધ બનાવી સુદ્રઢ જળ વ્યવસ્થાપનની પ્રતિબદ્ધતા છે',

મુખ્યમંત્રીશ્રીના હસ્તે 'વાઘરેચ ટાઈડલ રેગ્યુલેટર યોજનાની ઈ-તકતીનું અનાવરણ કરવામાં આવ્યું હતું, ઉપરાંત બિલીમોરા નગરપાલિકા વિસ્તારમાં રેલવે ફાટક નં.૧૦૮-૧૦૯ ઉપર રાજ્યના શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગના અનુદાનથી માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂ.૫૫ કરોડના ખર્ચે નવનિર્મિત રેલવે ઓવરબ્રિજનું ઈ-લોકાર્પણ સંપન્ન થયું હતું.

વાઘરેચ ખાતે નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા આયોજિત વિશાળ જનસમારોહને સંબોધતા મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, રાજ્યમાં શ્રેણીબદ્ધ ચેકડેમ, બોરીબંધ, સુજલામ-સુફલામ અને અન્ય બહુહેતુક યોજનાઓ, કેનાલ અને પાઈપલાઈન નેટવર્ક, સૌની યોજના, ટાઈડલ પ્રોજેક્ટ્સ જેવા જળસંચય, જળસિંચન અને જળસંગ્રહ આયામોથી રાજ્યમાં ભૂગર્ભ જળસ્તર ઊંચા આવ્યા છે. ખેડૂતોના ખેતરે ખેતરે પાણી પહોંચ્યું છે એમ જણાવી જળ આત્મનિર્ભરતા દ્વારા આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત'ની સંકલ્પના સાકાર કરીશું એવો મત વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, કાવેરી નદીમાં ૧૩ કિ.મી અને ખરેરા નદીમાં ૫ કિ.મી. લંબાઈમાં ૧૦૦ મિલિયન ક્યુબિક ફીટ મીઠા પાણીનો સંગ્રહ થશે તેમજ જૂની ખરેરા નદી પુનર્જીવિત થશે. બિલીમોરા અને આસપાસના દસ ગામોની ૩૫૦૦ એકર જમીનને સિંચાઈનો ફાયદો થશે. દરિયાની ભરતીના પાણી નદીમાં પ્રવેશતાં અટકશે, જેના લીધે સપાટી પરની તેમજ ભૂગર્ભ જળની ખારાશ અને ખેતી લાયક ફળદ્રુપ જમીનને નુકસાન થતું અટકશે એમ જણાવતા મુખ્યમંત્રીશ્રીએ વાઘરેચ રેગ્યુલેટર પ્રોજેક્ટ જળસમૃદ્ધિની ગેરંટી આપતી યોજના બનશે એવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

આ પ્રસંગે મધ્યપ્રદેશના રાજ્યપાલશ્રી મંગુભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

# ગુજરાતમાં ડિસેમ્બરને બદલે વહેલી ચૂંટણી યોજાય એવા સંકેત

**રાજ્યમાં ચૂંટણીઓની તારીખને લઈને ભારે ચર્ચા : મંત્રીઓને બે મહિના પછી ઉદઘાટન સમારોહમાં નહીં જવા માટેની સૂચનાઓ અપાતાં રાજ્ય સરકાર જાણે ઈલેક્શન મોડ પર આવી ગઈ હોય તેવું જણાય છે**

ગાંધીનગર,તા.૧૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ ક્યાંરે યોજાશે તેને લઈને અનેક ચર્ચાઓ થઈ રહી છે. ત્યારે ચૂંટણીઓ ડિસેમ્બર નહીં પરંતુ વહેલી યોજાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મંત્રીઓને બે મહિના પછી ઉદઘાટન સમારોહમાં નહીં જવા માટેની સૂચનાઓ આપતા રાજ્ય સરકાર જાણે ઈલેક્શન મોડ પર આવી ગઈ હોય તેવું જણાઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલા ચૂંટણી પંચે ડિસેમ્બરમાં ચૂંટણી યોજાય તેવા સંકેતો આપ્યા હતા.

પ્રાપ્ત અહેવાલો અનુસાર તાજેતરમાં એક હોસ્પિટલના ઉદઘાટન સમારોહમાં આમંત્રણ અપાયું હતું ત્યારે સરકારના મંત્રીમંડળના ઉચ્ચ હોદ્દેદારે એમ કહી સ્પષ્ટ ના પાડી દીધી કે જૂનમાં ઈલેક્શનો સમય હશે ત્યારે મોટા નેતાઓ અહીંયા હશે એટલે મારાથી અવાશે નહીં તેવું કહીને ના પાડી દીધી હતી. આ સમયે સરકારના સીનિયર મંત્રીઓની બેઠક પણ ચાલતી હતી અને આ વિધાન ખૂબ જ સૂચક હતું અને ઈલેક્શન વહેલું આવે તેવી શક્યતા જણાઈ રહી છે.

આમ ભાજપ સંગઠન ઈલેક્શન મોડમાં આવી ગયું છે. તમામ મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનરોને પણ આદેશ કરી દેવાયો છે કે આગામી બે મહિનામાં મોટી સંખ્યામાં ઉદઘાટન સમારોહ તથા ખાતમૂહૂર્તો કરવામાં આવે અને તે મુજબ વિવિધ શહેરોમાં કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. પીએમ મોદી પણ ૩ દિવસ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે તેમના આગમનથી રાજ્યમાં ચૂંટણીનો માહોલ ઉભો કરવામાં આવશે. ત્યારબાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ ગુજરાત આવવાના છે.

# પાલનપુરમાં કાળઝાળ ગરમીમાં પક્ષીઓ માટે પાણીના કુંડાનું વિતરણ કરાયું ...



પાલનપુર તા.

હાલમાં ઉનાળાની સિઝન બરાબર જામી છેલ્લા કેટલાક દિવસોથી કાળઝાળ ગરમીમાં આકાશમાં સૂરજદાદા અગનગોળા વર્ષાવી રહ્યા છે. ક્યારે માનવજાત ગમે તેમ કરીને ગરમીનો સામનો કરી રહી છે. પરંતુ અબોલ પશુ પક્ષીઓનું શું?. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, ત્યારે બનાસકાંઠાના જિલ્લા મથક પાલનપુર ના અને હાલ વ્યવસાય અર્થે મહાનગર મુંબઈ ખાતે રહેતા જીવદયા પ્રેમી શ્રી નિરવ વિનોદભાઈ મહેતા બોરીવલી તેમના પિતા શ્રી વિનોદભાઈ ધનાલીવાળા નું જીવદયા પ્રત્યે ભાવના ચાલુ રાખી દર વર્ષ ની જેમ આ વર્ષે પણ મહાજન દવાખાના સામે દિલ્હી ગેટ ચોક માં નિઃશુલ્ક ૧૦૦૦ પક્ષીઓ ના પાણીના કુંડા ની વહેંચણી રાખેલ. ગયા ૨ વર્ષ માં કોરોના દરમ્યાન પણ શહેર માં અલગ અલગ વિસ્તાર માં પણ વ્યવસ્થા કરી કુંડા નું વિતરણ કરેલ.

ધારાસભ્ય શ્રી મહેશભાઈ પટેલ, જીવદયા પ્રેમી ગૌતમભાઈ કેલા શ્રી ગીરીશભાઈ જગાણિયા, શ્રી અનિલભાઈ ચક્રવર્તી, હસમુખભાઈ પરમાર, જીવદયા પ્રેમી ઠાકોરદાસ ખત્રી શ્રી કિરીટભાઈ મસાલીયા સાહેબ અશોકભાઈ પઢીયાર વગેરે ઉત્સાહ પૂર્વક કામગીરી કરી અને આ કાળ ઝાળ ગરમી માં પક્ષીઓ નું ખ્યાલ કરી અને સમાજ માટે સારૂ ઉદાહરણ પૂરું પાડેલ.

શહેરી વિસ્તાર માં ખુલી નેકો, પમ્પો, તલાવડીઓ, ખાબોચિયાઓ વગેરે બંદ થઈ જતા ગાય, કૂતરા માટે પણ પાણી ની વ્યવસ્થા કરવા ૩૫ જેટલી નાની ટાંકીઓ ની વ્યવસ્થા કરી અને શહેર માં અલગ અલગ જગ્યા એ મુકવા સ્વ.કંકુબેન હીરાલાલ મહેતા ટ્રસ્ટ કરી રહ્યું છે.જેનું સર્વે જીવદયા પ્રેમીઓ કટિબદ્ધ બન્યા છે.

# ડીસાના ખરડોસણ ગામે ઘઉંમાં ભાગ કેમ આપતા નથી ? તેમ કહી હુમલો

ડીસા તાલુકાના ખરડોસણ ગામે બે ભાઈએ 'ઘઉંમાં ભાગ કેમ નથી આપતા ?' તેમ કહી હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી.આ મામલે ઈજાગ્રસ્ત યુવકે ડીસા તાલુકા પોલીસ મથકે બંને વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

આ અંગે પોલીસ ફરિયાદની વિગત અનુસાર ખરડોસણના ઠાકોર વાસ ખાતે રહેતા હેમજી કરશનજી ઠાકોર પ્રાઈવેટ નોકરી કરી પરિવાર સાથે રહે છે. ગત ગુરુવારે સાંજના સાતેક વાગ્યાના સુમારે હેમજીભાઈ અને તેમના કાકાના દીકરા પિતરાઈ ભાઈ પારજી બન્ને બાઈક લઈ આસેડા ખાતે દૂધ ભરાવવા માટે ડેરી તરફ જતા હતા. તે વખતે આસેડા ગામના કીર્તિજી કાંતિજી ઠાકોર અને તેના ભાઈ કૈલાસજી કાંતિજી ઠાકોર રસ્તામાં ઉભા હતા અને હેમજીભાઈ પાસે આવીને કહેવા લાગેલ કે તમે મારા ભાણેજના ભાગના ઘઉં કેમ આપતા નથી ? જેથી હેમજીભાઈએ કહેલ કે તેમના ભાગના ઘઉં અમે આપી દીધા છે વધારાના ઘઉં કેમ આપીએ. તેમ કહેતા આ બંને જણ ઉશ્કેરાઈ ગયેલા અને લાકડી વડે હુમલો કરી માર મારવા લાગેલ. જેથી હેમજીભાઈ અને પારજીભાઈએ બુમો પાડતા આસ્પાસના લોકો દોડી આવી તેમને મારમાંથી છોડાવેલા. જોકે બંનેએ હેમજીભાઈને આજે તું બચી ગયો પણ હવે હાથમાં આવીશ તો જાનથી મારી નાખીશ તેમ કહી જતા રહેલા. આ બનાવના પગલે હેમજીભાઈએ ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધવાતા પોલિસે કીર્તિજી કાંતિજી ઠાકોર અને કૈલાસજી કાંતિજી ઠાકોર (રહે.આસેડા) વિરુધ વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કોંગ્રેસથી નારાજ હાર્દિક પટેલને આપમાં જોડાવા ગોપાલ ઈટાલિયાનું આમંત્રણ

**હાર્દિક પટેલ જેવા સંઘર્ષશીલ યુવાનોનું આદ આદમી પાર્ટીમાં સ્વાગત, પટેલ આપમાં જોડાય તેવી અમારી લાગણીઃ ઈટાલિયા**

અમદાવાદ,તા.૧૫

આમ આદમી પાર્ટી ગુજરાતના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયાએ કોંગ્રેસથી નારાજ હાર્દિક પટેલને આપમાં જોડાવાનું આમંત્રણ આપ્યું છે. ગોપાલ ઈટાલિયાએ પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યું કે, હાર્દિક પટેલ જેવા સંઘર્ષશીલ યુવાનોનું આદ આદમી પાર્ટીમા સ્વાગત છે. હાર્દિક પટેલ આપમાં જોડાય તેવી અમારી લાગણી છે. ટૂંક સમયમાં ભાજપ અને કોંગ્રેસમાંથી સારા આગેવાનો આપમાં આવશે તેવો ગોપાલ ઈટાલિયા દ્વારા દાવો કરવામાં આવ્યો છે.ગોપાલ ઈટાલિયાએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, હું એવી આશા રાખીશ કે હાર્દિક પટેલ જેવા ક્રાંતિકારી અને સંઘર્ષશીલ યુવાન અને સંઘર્ષની પાર્ટી આમ આદમી પાર્ટીને પંસદ કરે. કેમ કે હાર્દિક પટેલ જે રીતે જનતાનો અવાજ બન્યા છે, લડાઈ લડી છે અને ડર્યા કે હતાશ થયા વગર સતત સંઘર્ષ કરીને ગુજરાતની જનતાને કંઈક અપાવવા માટે સફળતા મેળવી છે. એવી જ પાર્ટી કે જેનો ઈતિહાસ આંદોલનથી છે. અરવિંદ કેજરીવાલે પણ લોકો માટે ખૂબ લડાઈ લડીને સંઘર્ષ કરીને લોકોના તેમના અધિકાર અપાવ્યા. કંઈક વૈચારિક સામ્યતાના આધાર પર હાર્દિક પટેલ આમ આદમી પાર્ટીમાં જોડાય તેવી અમારી લાગણી છે પણ છે અને મીડિયાના માધ્યમથી હાર્દિક પટેલને પાર્ટીમાં જોડાવવા નિમંત્રણ પણ છે.ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસમાં ફરીથી આંતરિક કમઠાણના એંધાણ વર્તાઈ રહ્યા છે. પાટીદાર આંદોલનના નેતા અને કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલે પ્રદેશ અને રાષ્ટ્રીય નેતાગીરી સામે જાહેરમાં હૈયાવરાળ ઠાલવતા કહ્યું કે, પ્રદેશની પાર્ટીની કોઈ બેઠકમાં તેમને બોલાવવામાં આવતા નથી કે કોઈ નિર્ણય કરતા પહેલા તેમનો અભિપ્રાય કે સલાહ-સૂચન લેવાતા નથી.એટલું જ નહીં, ખોડલધામના અગ્રણી નરેશ પટેલના કોંગ્રેસ પ્રવેશ અંગે હાઈકમાન્ડના વલણની પણ આલોચના કરતા તેમણે કહ્યું કે, મારી હાલત વરરાજાને નસબંધી માટે મજબૂર કરવા જેવી છે. હાર્દિકના આ નિવેદનથી કોંગ્રેસમાં પ્રવર્તી રહેલી આંતરિક ખેંચતાણ-ટાંટિયાખેંચ વધુ એક વાર સપાટી પર આવી ગઈ છે.

## પાણી માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરના એકપણ વિસ્તાર એવો નથી કે તંત્ર દ્વારા સપ્લાય કરવામાં આવતો પાણી પુરવઠો પ્રથમ માળની ટાંકી સુધી પહોંચતો હોય જયારે સરકારી આવાસોમાં પણ ધાબે સ્થિત પાણીની ટાંકી ભરવા માટે ઈલેક્ટ્રીક મોટર ચલાવાની ફરજ પડે છે. ઘણી જગ્યાએ ભોંયતળિયે પણ ટાંકીમાં પાણી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. જેના લીધે સરકારી કર્મચારી કે અધિકારીઓએ અન્ડર ગ્રાઉન્ડ ટાંકીઓ બનાવી છે. સવારે સપ્લાય વેળાએ પાણીનો ફોર્સ ઓછો હોવાના લીધે આ વેળાએ મોટર ચાલુ ન કરવામાં આવે તો પુરતા સપ્લાયથી પાણી મળતુ નથી જેના લીધે આકરી ગરમીમાં આખો દિવસ પાણી વિન ટળવળવાનો વારો આવે છે. જયારે બીજા માળે રહેતા નોકરિયાત પરિવારો માટે પાણીની મોટર ખરીદવાનો કે તેને વિજબીલના ભોગે ચલાવાનુ ફરજિયાત બન્યુ છે. આવા સંજોગોમાં ઉનાળાની આકરી ગરમીમાં એ સી અને કુલરોના ધમધમાટ વચ્ચે મોટરનો ઉપયોગ પણ વધુ થતો હોવાથી વિજબીલની ઉંચી રકમ ચુકવવી પડે છે. શહેરમાં ખાનગી રહેણાંકમાં પણ અન્ડર ગ્રાઉન્ડ ટાંકી પણ આ જ કારણોસર બનાવામાં આવી છે.

## દબાણાનો અડ્ડો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થતી જાય છે. તંત્ર દ્વારા ફુટપાથના ગાબડા પુરવા માટે અગાઉ આયોજન પણ કરવામાં આવ્યુ હતુ પરંતુ હજુ સુધી ઘણાં ઠેકાણે ફુટપાથની તુટેલી ટાઈલ્સો જોવા મળી રહી છે. એટલુ જ નહીં પરંતુ વોક વે પર વોકીંગ કરનારાઓ માટે જોખમી સ્થિતિ જોવા ઉદભવી છે. ટ્રીમીંગના અભાવે વૃક્ષોની લટકતી તોતિંગ ડાળીઓ પણ આડશ બની રહી છે. આમછતા કોઈ પગલા લેવાતા નથી. જયારે વધતા દબાણો પણ વોક વે માટે ખતરારૂપ બની રહ્યા છે.

## સ્વચ્છતા અભિયાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લા ગ્રામ્ય વિકાસ એજન્સીને આ અભિયાનની નોડલ એજન્સી તરીકે નિયુક્ત કરવામાં આવશે તેમજ મોનીટરીંગ માટે એક ખાસ ટીમ ઉચ્ચ અધિકારીઓની બનાવવામાં આવશે. જેમાં દર પખવાડિયે સમીક્ષા કરી અને અભિયાનને સઘન અને સફળ બનાવવા માટેનું આયોજન કરાશે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે પ્લાસ્ટીક પરના પ્રતિબંધના નિયમની અમલવારી પણ અસરકારક રીતે થાય તે જોવાશે. પંચાયતની સ્વચ્છતા સમિતિ દ્વારા આ ગામોમાં થતી સફાઈની કામગીરી અંગે પણ સમયાંતરે સમીક્ષા કરવામાં આવશે.

## તબાહી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચેતવણી આપી છે કે, જો લોકોની મદદ નથી કરવામાં આવતી તો જે તે અધિકારી વિરુદ્ધ કાયદેસરનાં કડક પગલાં લેવામાં આવશે. બેંગલુરુમાં રાત્રે લગભગ ૮ વાગ્યાથી ૧૦.૩૦ વાગ્યા સુધી ભારે વરસાદ પડ્યો હતો. આના કારણે બેંગ્લોર દક્ષિણના નીચાણવાળા વિસ્તારો, કથરીગુપ્પે, બનાશંકરી અને જેપી નગરના ઘણા સ્થળોએ પાણી ભરાઈ ગયા હતા. કહેવામાં આવી રહ્યું છે કે ભારે વરસાદને કારણે અનેક મોટા ગટર ભરાઈ ગયા છે. જેના કારણે રસ્તાઓ પર પાણી તેજ ગતિએ વહેવા લાગ્યું હતું. વીજ કરંટથી મૃત્યુ પામનાર વ્યક્તિ મંગમનપલ્લીનો રહેવાસી હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે ફળ વિક્રેતા વસંત ઈલેક્ટ્રિક પોલ પર લટકતા કટ વાયરના સંપર્કમાં આવ્યા બાદ વીજ કરંટ લાગ્યો હતો. તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો પરંતુ તેનું મોત નીપજ્યું હતું.